बैंक ऑफ़ बड़ौदा
**Bank of Baroda**
*India's International Bank*

www.bankofbaroda.com

કૉર્પોરેટ ઑફિસઃ
બરોડા કૉર્પોરેટ સેન્ટર, સી–26, ''જી'' બ્લૉક,
બાંદરા કૂર્લા કૉમ્પ્લેક્સ, બાંદરા (પૂર્વ), મુંબઈ 400 051

# અસાધારણ સામાન્ય સભા (ઇજીએમ) અને રિમૉટ ઇ–વોટિંગ માટેની સૂચના

આ દ્વારા બૅન્ક ઑફ બરોડા જનરલ (શેર્સ ઍન્ડ મીટિંગ્સ) રેગ્યુલેશન્સ, 1998ના નિયમન 56 (i) અને કંપનીઝ ઍક્ટ (મૅનેજમેન્ટ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, 2014ના નિયમ 20 અન્વયે સૂચિત કરવામાં આવે છે કે બૅન્ક ઑફ બરોડાના શેરધારકોની અસાધારણ સામાન્ય સભા (ઇજીએમ) **સોમવાર, 21 જાન્યુઆરી 2019ના રોજ બપોરે 12.00 કલાકે બૅન્ક ઑફ બરોડા, ''બરોડા ભવન'', સર સયાજી હૉલ, ભોંયતળિયે, હેડ ઑફિસ, આસ સી દત્ત રોડ, અલકાપુરી, વડોદરા 390007,** ગુજરાત ખાતે ઇજીએમની સૂચનામાંના સમાવિષ્ટ અનુસાર, એટલે કે સેબી (શેર બેઝ્ડ ઍમ્પ્લૉયી બેનીફિટ્સ) રેગ્યુશન્સ, 2014 અનુસાર બૅન્ક ઑફ બરોડા ઍમ્પ્લૉયી શેર પરચેઝ સ્કીમ હેઠળ એક અથવા અનેક હિસ્સાઓમાં ઍમ્પ્લૉયીઝ અને બૅન્ક ઑફ બરોડાના પૂરા સમયના ડાયરેક્ટરોને 10,00,00,000 (દસ કરોડ) સુધીના ફ્રેશ ઇક્વિટી શેર્સને જારી કરવાની મંજૂરી મેળવવા પર ચર્ચા યોજાશે.

શેરધારકોને વધુમાં જાણ કરવામાં આવે છે કેઃ

1. ઇજીએમની સૂચના પાત્ર શેરધારકોને રજિસ્ટર્ડ પોસ્ટ/મેઇલ દ્વારા પહેલાં જ મોકલી દેવામાં આવી છે. જેની પ્રત બૅન્કની વેબસાઇટ એટલે કે. www.bankofbaroda.com પર અને ઇ–વૉટિંગ એજન્સીની વેબસાઇટ એટલે કે https://evoting.karvy.com પર ઉપલબ્ધ છે.
2. લાગુ થતા કાયદા/નિયમનો અન્વયે બૅન્ક દ્વારા શેરધારકોને સૂચનામાં જણાવેલા મુદ્દાઓ વિશે તેમનો મત ઇલેક્ટ્રૉનિકલી આપી શકે એ માટે રિમૉટ ઇ–વૉટિંગની સગવડ પૂરી પાડવામાં આવી રહી છે, જે માટે બૅન્કે ઇ–વૉટિંગ એજન્સી તરીકે કાર્વિ ફિનટેક પ્રાઇવેટ લિ.ની સેવાઓ લીધી છે.
3. રિમૉટ ઇ–વૉટિંગ ગુરુવાર, 17 જાન્યુઆરી, 2019ના રોજ સવારે 9.00 વાગ્યે શરૂ થશે અને રવિવાર, 20 જાન્યુઆરી, 2019 સુધી બધા જ દિવસો સહિત સાંજે 5.00 વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સૂચિત તારીખ અને સમય પછી ઇ–વૉટિંગની પરવાનગી નહીં રહે. કટ–ઑફ તારીખ સોમવાર, 14 જાન્યુઆરી, 2019 રહેશે અને કટ ઑફ તારીખના રોજ ફિઝિકલ અથવા ડીમટીરિયલાઇઝ્ડ સ્વરૂપે બૅન્કના શેર ધરાવતા શેરધારકો જ ઇ–વૉટિંગ (URL https://evoting.karvy.com માં લૉગઇન કરીને)/મીટિંગમાં વૉટિંગની સગવડનો લાભ મેળવવાને પાત્ર રહેશે.
4. બૅન્ક દ્વારા એજેન્ડા આઇટેમો વિશે પણ મીટિંગમાં વૉટિંગ યોજવામાં આવશે. જે શેરધારકોએ રિમૉટ ઇ–વૉટિંગનો લાભ ના લીધો હોયે તેઓ ઇજીએમમાં હાજર રહી સહભાગી થઇ શકે છે. જે શેરધારકોએ તેમનો મત ઇ–વૉટિંગ દ્વારા આપ્યો હોય તેઓ મીટિંગમાં હાજર રહી શકે છે પરંતુ ફરીથી પોતાનો મત આપવા હકદાર નહીં રહે.
5. જો કોઇ વ્યક્તિ ઇજીએમની સૂચનાની રવાનગી માટેની ઇન્ટર્નલ કટ–ઑફ તારીખ પછી પરંતુ ઇ–વૉટિંગની તારીખ પર અથવા એના પહેલાં એટલે કે 14 જાન્યુઆરી, 2019ના રોજ કે તે પહેલાં બૅન્કના શેરધારક બન્યા હોય તો તેણે/તેણીએ કાર્વિને ઇ–મેઇલ આઇડી evoting@karvy.com પર લેખિત જણાવીને યુઝર આઇડી અને પાસવર્ડ માટે વિનંતી કરવાની રહેશે. કાર્વિ પણ એ નવા શેરધારકોને જેમના ડીમેટ ઍકાઉન્ટમાં જેમના મેઇલ આઇડી ઉપલબ્ધ હોય તેમને યુઝર આઇડી અને પાસવર્ડ મોકલવાનો પ્રયાસ કરશે.
6. રિમૉટ ઇ–વૉટિંગ અને મીટિંગમાં કરવામાં આવેલા વૉટિંગનાં પરિણામો બૅન્ક દ્વારા 2 દિવસોની અંદર તેની વેબસાઇટ, કાર્વિની વેબસાઇટ પર જાહેર કરવામાં તેમ જ સ્ટૉક એક્સ્ચેંજોમાં પણ સૂચિત કરવામાં આવશે.
7. રિમૉટ ઇ–વૉટિંગ સંદર્ભે કોઇ ફરિયાદના કિસ્સામાં શેરધારકો https://evoting.karvy.com ના ડાઉનલોડ સેક્શન પર ઉપલબ્ધ ફ્રિકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ (એફએક્યૂ) તેમ જ ઇ–વૉટિંગ યુઝર મૅન્યુઅલ જોઇ શકે છે અથવા શ્રી એસ. વી. રાજુ, ડીજીએમ–કાર્વિ ફિનટેક પ્રાઇવેટ લિમિટેડ (યુનિટઃ બૅન્ક ઑફ બરોડા), કાર્વિ સેલેનિયમ ટાવર બી, પ્લૉટ નં. 31 અને 32, ગાચીબાવલી, ફાઇનાન્શ્યલ ડિસ્ટ્રિક્ટ, નાનાક્રમગુડા, સેરિલિંગમ્પલી મંડલ, હૈદ્રાબાદ 500 032 અથવા raju.sv@karvy.com પર અથવા ફોન નં. 040–6716 2222 પર અથવા નંબર 1800 345 4001 (ટોલ ફ્રી) પર સંપર્ક કરી શકે છે.

**બૅન્ક ઑફ બરોડા વતી**

**સ્થળઃ મુંબઇ**
**તારીખઃ 27 ડિસેમ્બર, 2018**

**પી એસ જયાકુમાર**
**મૅનેજિંગ ડાયરેક્ટર અને સીઇઓ**

67/18-19